### આઈઆઈટી ખાતે 'ચેન્જિંગ લેન્ડસ્કેપ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી લાઈબ્રેરી' પર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ

# એજ્યુકેશનમાં પરિવર્તન સાથે લાઈબ્રેરીની ટેકનોલોજી પણ બદલાવી જોઈએ

ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે 'ચેન્જિંગ લેન્ડસ્કેપ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી લાઈબ્રેરી' પર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. કોન્ફરન્સમાં આઈઆઈટીના ડિરેક્ટર સુધીર જૈને કહ્યું કે, લાઈબ્રેરી એજ્યુકેશનમાં ઉપયોગી પાસું ગણાય છે, પરંતુ આજના એજ્યુકેશનની તુલનાએ લાઈબ્રેરી નવી વસ્તુ શીખવામાં વધારે સમય માગે છે. સોસાયટીમાં બદલાવો આવે છે, તેવી જ રીતે સ્ટુડન્ટસ, ફેકલ્ટી અને એજ્યુકેશન તકનીકમાં પણ



બદલાવ આવ્યા છે. તેથી લાઈબ્રેરીમાં પણ બદલાવો આવવા જોઈએ. કાર્નેગી મેલોન યુનિવર્સિટીના એરિક લિન્કે કહ્યું કે, એજ્યુકેશનમાં લાઈબ્રેરીનું મહત્ત્વ વધારે હોય છે, રિસર્ચર અને ફેકલ્ટી લાઈબ્રેરીનો વધારે ઉપયોગ કરતા હોય છે અને લાઈબ્રેરી દ્વારા રિસર્ચનો મોટો હિસ્સો પુરો થતો હોય છે.

### કોન્ફરન્સ દ્વારા નવી ટેકનોલોજીની માહિતી મળી

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ દ્વારા મને વિશ્વની પ્રતિષ્ઠિત સંસ્થાઓના લોકોને મળવાનો મોકો મળ્યો હતો. ઉપરાંત નવી ટેકનોલોજીની જાણકારી પણ મળી હતી. ટેકનોલોજી દ્વારા એજ્યુકેશનને કેવી રીતે સરળ બનાવી શકાય અને રિસર્ચમાં તેનો ઉપયોગ કરી શકાય તેની માહિતી પણ મળી છે.

- ડૉ. મીતા રાઠોડ, કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, સુરત

### વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા લાઈબ્રેરીને આધુનિક બનાવી

કોન્ફરન્સ દરમિયાન વિવિધ વર્કશોપ પણ યોજાયા હતા, જેમાં વર્ચ્યુઅલ રિયાલિટી ઈન લાઈબ્રેરી દ્વારા નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી લાઈબ્રેરીને આધુનિક બનાવવા વિશેની વાત કરાઈ હતી. જ્યારે ડેટા એન્ડ વિઝ્યુઅલાઈઝેશન, મેકર્સસ્પેસ ઈન લાઈબ્રેરી અને રિસર્ચ ડેટા મેનેજમેન્ટ એએન્ડ ફેર ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વર્કશોપ યોજાયા હતા.

**Title:** Library's technology should also change with change in education
**Source:** Gujarat Samachar (Pg. No. 01)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20190306_1
**Date:** 06-03-2019